

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 055
Dt.: 29-12-2025,
Monday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### અરાવલી વિવાદમાં સુપ્રીમ કોર્ટની એન્ટ્રી

# સુપ્રીમે સ્વતઃ સંજ્ઞાન લઈ ૩ જજોની બેન્ચને કેસ સોંપ્યો, સોમવારે સુનાવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)અરાવલી

અરાવલીની ટેકરીઓ અંગેના વિવાદમાં હવે સુપ્રીમ કોર્ટની એન્ટ્રી થઈ છે. કોર્ટે આ મામલો ૩ જજોની બેન્ચને સોંપ્યો છે. સોમવારે જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જે.કે. મહેશ્વરી અને જસ્ટિસ એ.જી. મસીહની બેન્ચ આ મામલે સુનાવણી કરશે. સુપ્રીમ કોર્ટે અરાવલી પર્વતમાળામાં ખનન માટેના નવા પટ્ટા (લીઝ) આપવા પર

## પર્વતમાળાનો ૯૦ ટકા હિસ્સો ખતમ થવાનો ખતરો

પ્રતિબંધ મૂક્યો છે. જ્યાં સુધી ખનન માટે યોગ્ય મેનેજમેન્ટ પ્લાન તૈયાર ન થાય ત્યાં સુધી આ રોક યથાવત રહેશે.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયની ભલામણ પર સુપ્રીમ કોર્ટે વિશ્વની સૌથી જૂની અને ૭૦૦ કિલોમીટર લાંબી અરાવલી હિલ્સની નવી વ્યાખ્યા નક્કી કરી હતી. જેમાં જણાવાયું હતું કે ૧૦૦ મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતી ટેકરીઓને જ 'અરાવલીની ટેકરીઓ' માનવામાં આવશે. બાકીના પહાડી હિસ્સાને હટાવી દેવામાં આવશે. જોકે, કેન્દ્ર સરકારે સ્પષ્ટ કર્યું છે કે નવી વ્યાખ્યાથી પર્વતમાળાને કોઈ ખતરો નહીં થાય, તેમ છતાં આ નવી વ્યાખ્યાનો ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે.

નિષ્ણાતોનું કહેવું છે કે નવી વ્યાખ્યા બાદ અરાવલીના ૯૦ ટકા હિસ્સાને આ યાદીમાંથી હટાવી શકાય છે. કેન્દ્ર સરકારે અરાવલી પર્વતમાળાના વૈજ્ઞાનિક મહત્વને સમજ્યા વિના અને જાહેર જનતાની સલાહ લીધા વિના આ નવી વ્યાખ્યા નક્કી કરી છે. આના કારણે હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતમાં ફેલાયેલા અરાવલીના મોટા હિસ્સાઓ ખનન (માઈનિંગ)ના જોખમમાં આવી શકે છે. આ પર્વતમાળા દિલ્હી અને તેની આસપાસના નોઈડા જેવા વિસ્તારોને રાજસ્થાનના રણની ધૂળ-માટીથી બચાવે છે, પરંતુ આ બાબતને ધ્યાનમાં લીધા વિના નિર્ણય લેવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે.

નિષ્ણાતોના મતે અરાવલી પર્વતમાળાનો વિસ્તાર ઘટવાથી નીચે મુજબની અસરો થઈ શકે છે. જેમાં પર્વતીય વિસ્તાર ઓછો થતા ગેરકાયદે ખનન વધશે. રણની રેતી આગળ વધશે અને રણ વિસ્તાર મોટો થશે.

ભૂગર્ભ જળ સ્તર નીચે જવાથી પાણીની ભારે તંગી સર્જાશે. રણની ધૂળ દિલ્હી અને હરિયાણાની હવાને વધુ પ્રદૂષિત કરશે. વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિને નુકસાન થશે અને ગરમીના પ્રમાણમાં વધારો થશે.



# નીતિન ગડકરીની ઓટો કંપનીઓને કડક સૂચનાઃ ડીઝલ અને પેટ્રોલ બંધ કરો નહીંતર યૂરો ૬ના ઈમિશન નોર્મ્સ લગાવીશ

(સંપૂર્ણ સમાચાર સેવા)નાગપુર

મહારાષ્ટ્રના નાગપુરમાં કેન્દ્રીય રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ પેટ્રોલ અને ડીઝલના વિકલ્પોને લઈને મોટું નિવેદન આપ્યું છે. એક કાર્યક્રમ દરમિયાન ગડકરીએ કહ્યું કે, તેઓ ટ્રાન્સપોર્ટ મંત્રી છે અને તેમણે પેટ્રોલ-ડીઝલ પર નિર્ભરતા ઓછી કરવા માટે આકરું વલણ અપનાવ્યું છે.

તેમણે કહ્યું કે, હું ટ્રાન્સપોર્ટ મંત્રી છું. મેં દંડા લગાવ્યા છે. ડીઝલ અને પેટ્રોલ બંધ કરો નહીંતર યૂરો ૬ના ઈમિશન નોર્મ્સ લગાવીશ. હવે ટ્રેક્ટર કંપનીઓએ ફ્લેક્સ એન્જિન ટેકનિક પર કામ શરૂ કરી દીધું છે.

૧૦૦ ટકા ઈથેનોલ અને CNGથી ચાલનારા ફ્લેક્સ એન્જિન ટ્રેક્ટર હવે તૈયાર થઈ ચૂક્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે, સરકાર વૈકલ્પિક ઈંધણને પ્રોત્સાહન આપવા માટે આર્થિક મદદ પણ આપી રહી છે. આવનારા દિવસોમાં કન્સ્ટ્રક્શન ઈક્યૂપમેન્ટ માટે જે લોકો ફાઈનાન્સ કરાવે છે, જો તેઓ અલ્ટરનેટિવ ફ્યૂલ અને બાયોફ્યુલ વાળા વિકલ્પ પસંદ કરે છે, તો તેમને પાંચ ટકા સબસિડી આપવામાં આવશે. તેનો ઉદ્દેશ્ય આ ટેકનિકને વધુમાં વધુ પ્રમોટ કરવાનો છે.

કેન્દ્રીય મંત્રીએ એ પણ જણાવ્યું કે, હાલમાં જ ત્રણ ટ્રક લોન્ચ કરાયા છે. જેમાં બે ટ્રક એવા છે, જેમાં ડીઝલ અને પેટ્રોલ એન્જિનની સાથે હાઈડ્રોજન મિલાવીને ઉપયોગ કરાયો છે. જ્યારે એક ટ્રક સંપૂર્ણ રીતે હાઈડ્રોજન ફ્યુલ સેલ પર ચાલે છે. કંસ્ટ્રક્શન અને એગ્રીકલ્ચર ઈક્યૂપમેન્ટમાં પણ આ પ્રકારના પ્રયોગ કરાઈ રહ્યા છે. દેશનું ભવિષ્ય અલ્ટરનેટિવ ફ્યૂલ અને બાયોફ્યુલથી જોડાયેલું છે અને આવનારા સમયમાં આ રસ્તો ભારતને આગળ લઈ જશે.

# દીકરાની ચાહતમાં જનેતાએ જ ૬ વર્ષની બાળકીની કરી હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના નવી મુંબઈમાંથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં એક માતાએ જ પોતાની છ વર્ષની માસૂમ દીકરીની કથિત રીતે હત્યા કરી નાખી. પોલીસ તપાસમાં જે કારણો સામે આવ્યા છે, તે સમાજની માનસિકતા અને સંતાન ઉછેરના દબાણ પર ગંભીર સવાલો ઉભા કરે છે. પ્રાથમિક તપાસ મુજબ, મહિલા દીકરાની ઘેલછા અને દીકરી મરાઠી ભાષા ન બોલી શકતી હોવાથી તેનાથી નારાજ હતી. આ ઘટના કલંબોલી વિસ્તારની છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૩૦ વર્ષીય આરોપી મહિલા ૨૩ ડિસેમ્બરે પોતાની દીકરીને હોસ્પિટલ લઈ ગઈ હતી અને ડૉક્ટરોને જણાવ્યું કે તબિયત ખરાબ હોવાને કારણે બાળકી અચાનક બેભાન થઈ ગઈ હતી. જોકે, ડૉક્ટરોએ તપાસ બાદ બાળકીને મૃત જાહેર કરી અને શંકાસ્પદ સ્થિતિને જોતા પોલીસને જાણ કરી. શરૂઆતમાં પોલીસે આકસ્મિક મૃત્યુનો કેસ નોંધ્યો હતો. પરંતુ જ્યારે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યો, ત્યારે સમગ્ર હકીકત સામે આવતા સૌ કોઈ ચોંકી ઉઠ્યા હતા. રિપોર્ટમાં ખુલાસો થયો કે, બાળકીનું મૃત્યુ કુદરતી નહોતું, પરંતુ ગળું દબાવીને તેની હત્યા કરવામાં આવી હતી. આ રિપોર્ટના આધારે પોલીસે હત્યાનો ગુનો નોંધીને માતાની કડક પૂછપરછ શરૂ કરી.પોલીસ પૂછપરછ દરમિયાન, મહિલાએ પોતાનો ગુનો કબૂલી લીધો હતો. પોલીસના જણાવ્યા મુજબ, મહિલાએ હત્યા પાછળનું કારણ જણાવતા કહ્યું કે, તે દીકરો ઈચ્છતી હતી અને દીકરી હોવાને કારણે તે નાખુશ અને અસંતુષ્ટ હતી.

### ગુજરાત-મહારાષ્ટ્ર પાછળ છોડી આસામ આગળ

# આસામ સૌથી ઝડપથી વિકસતા રાજ્યોની યાદીમાં ટોપ ઉપર

### તમિલનાડુએ ૩૯%નો ગ્રોથ નોંધાવ્યોઃ GSDP ૧૨.૪ લાખ કરોડ રૂપિયાથી વધીને ૧૭.૩ લાખ કરોડ થયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતની આર્થિક પ્રગતિ હવે માત્ર કેટલાક રાજ્યો સુધી જ સીમિત રહી નથી. છેલ્લા ૫ વર્ષોમાં અનેક રાજ્યોનો જબરદસ્ત ગ્રોથ જોવા મળ્યો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના ડેટા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૪-૨૫ વચ્ચે ઘણા રાજ્યોના અર્થતંત્રમાં ભારે ગ્રોથ નોંધાઈ છે. નોંધનીય છે કે, આ રાજ્યોનું પ્રદર્શન દેશના કુલ આર્થિક વિકાસ સાથે સુસંગત છે. આ સમયગાળા દરમિયાન ભારતનો રિયલ GDP ૨૯ ટકા વધીને ૧૪૫.૩૫ લાખ કરોડ રૂપિયા (FY20)થી ૧૮૭.૯૭ લાખ કરોડ રૂપિયા (FY25) થઈ ગયો છે. RBIના ડેટા દર્શાવે છે કે, સૌથી ઝડપથી વિકસતા ૧૦ મોટા રાજ્યોના અર્થતંત્રોએ રાષ્ટ્રીય વિકાસ દરને પાછળ છોડી દીધો છે, જે ગ્રોથ ૪૫ ટકા સુધી પહોંચી ગયો છે.

હિમંત બિશ્વા શર્માના નેતૃત્વ હેઠળનું આસામ સૌથી ઝડપથી વિકસતા રાજ્યોની યાદીમાં ટોપ પર છે. આસામે ૪૫ ટકાનો ગ્રોથ હાંસલ કર્યો છે.

આસામનો GSDP (ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ) જે નાણાકીય વર્ષ ૨૦૨૦ માં ૨.૪ લાખ કરોડ રૂપિયા હતો, તે ૨૦૨૫માં વધીને ૩.૫ લાખ કરોડ રૂપિયા થયો છે. રાજ્યનું અર્થતંત્ર મુખ્યત્વે કૃષિ, તેલ અને ગેસ પર આધારિત છે. આ ઉપરાંત ઉત્તરપૂર્વમાં વધતા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધતું રોકાણથી તેને વધુ સપોર્ટ મળી રહ્યો છે. તમિલનાડુએ ૩૯%નો ગ્રોથ નોંધાવ્યો છે. રાજ્યનો GSDP ૧૨.૪ લાખ કરોડ રૂપિયાથી વધીને ૧૭.૩ લાખ કરોડ રૂપિયા થયો છે. તમિલનાડુમાં મજબૂત મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રીઝ છે, જેમાં ઓટોમોબાઈલ, ઈલેક્ટ્રોનિક્સ, ટેક્સટાઈલ અને સર્વિસેઝની મહત્વની ભૂમિકા છે. કર્ણાટકે ૩૬ ટકાનો ગ્રોથ હાંસલ કર્યો છે. આ રાજ્યનો GSDP ૧૧.૫ લાખ કરોડ રૂપિયાથી વધીને ૧૫.૭ લાખ કરોડ રૂપિયા થયો છે. ઉત્તર પ્રદેશે ૫ વર્ષમાં ૩૫ ટકાનો ગ્રોથ નોંધાવ્યો છે. તેનો GSDP ૧૧.૭ લાખ કરોડ રૂપિયાથી વધીને ૧૫.૮ લાખ કરોડ રૂપિયા થયો છે. રાજ્યનું મોટું સ્થાનિક બજાર, કૃષિ અને વધતું ઔધોગિક અને લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર આ ગ્રોથને સપોર્ટ કરે છે. રાજસ્થાને ૩૪ ટકાનો ગ્રોથ નોંધાવ્યો છે. રાજ્યનું અર્થતંત્ર ૬.૮ લાખ કરોડ રૂપિયાથી વધીને ૯.૧ લાખ કરોડ રૂપિયા થયું છે. માઈનિંગ, રિન્યુએબલ એનર્જી, પ્રવાસન અને સિમેન્ટ ઉત્પાદન જેમાં મુખ્ય ફાળો આપી રહ્યું છે. બિહાર અને આંધ્રપ્રદેશ બન્નેએ ૩૩ ટકાનો ગ્રોથ હાંસલ કર્યો. નોંધનીય છે કે, બિહારનું અર્થતંત્ર મુખ્યત્વે કૃષિ અને સેવાઓ પર આધારિત છે અને ૪.૦ લાખ કરોડ રૂપિયાથી વધીને ૫.૩ લાખ કરોડ રૂપિયા થયો છે. આંધ્રપ્રદેશનું અર્થતંત્ર જેમાં કૃષિ, બંદરો, લોજિસ્ટિક્સ અને ફૂડ પ્રોસેસિંગનો સપોર્ટ મળ્યો. તેનો GSDP ૬.૫ લાખ કરોડ રૂપિયાથી વધીને ૮.૭ લાખ કરોડ રૂપિયા થયો છે.

### ૩૩ વર્ષ બાદ સંન્યાસની કરી જાહેરાત

# સાઉથના સુપરસ્ટાર થલપતિ વિજયે ફિલ્મી કરિયરને અલવિદા કર્યું

### તેમણે મલેશિયામાં ચાહકોને કહ્યું હતું કે તેઓ હવે તેમના રાજકીય કારકિર્દી પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

અભિનેતા અને રાજકારણી થલપતિ વિજયે અભિનયમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. ફિલ્મ ઉદ્યોગમાં ૩૩ વર્ષની કારકિર્દી પછી, તેમણે હવે તેને અલવિદા કહી દીધું છે. તેમણે ૧૦ વર્ષની ઉંમરે તમિલ ફિલ્મ "વેત્રી" માં બાળ કલાકાર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી અને ૧૮ વર્ષની ઉંમરે "નાલૈયા થિર્પુ" (૧૯૯૨) માં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમણે ૨૭ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ મલેશિયામાં એચ. વિનોદની ફિલ્મ "જાના નાયકન" ના ઓડિયો લોન્ચ સમયે અભિનયમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. થલપતિ વિજય ૫૧ વર્ષના છે, અને "જાના નાયકન" તેમની છેલ્લી ફિલ્મ હશે. ચાહકોને સંબોધતા



તેમણે કહ્યું કે તેઓ હવે તેમના રાજકીય કારકિર્દી પર ધ્યાન કેન્દ્રિત કરશે. ગયા વર્ષે, તેમણે પોતાનો રાજકીય પક્ષ, તમિલગા વેટ્રી કઝગમ શરૂ કર્યો અને તમિલનાડુ રાજ્યની ચૂંટણી લડી. અભિનેતાએ કહ્યું, "મારા માટે ફક્ત એક જ વાત મહત્વની છે. લોકો મારા માટે મારા થિયેટરોમાં આવે છે અને મારા માટે લાઈનમાં ઉભા રહે છે. તેથી જ હું આગામી ૩૦-૩૩ વર્ષ સુધી તેમના માટે ઉભા રહેવા તૈયાર છું. વિજયના આ ચાહકો માટે જ હું સિનેમામાંથી નિવૃત્તિ લઈ રહ્યો છું. મેં પહેલા દિવસથી જ તમામ પ્રકારની ટીકાઓનો સામનો કર્યો છે. પરંતુ મારા ચાહકો શરૂઆતથી જ મારી સાથે ઉભા રહ્યા છે અને ૩૩ વર્ષથી મને ટેકો આપતા રહ્યા છે." અભિનેતાએ વધુમાં કહ્યું, "મેં સિનેમામાં એક નાનું રેતીનું ઘર બનાવવાની આશા સાથે પ્રવેશ કર્યો હતો, પરંતુ તમે મને એક મહેલ આપ્યો. તેથી, હું તે ચાહકો માટે ઉભા રહીશ જેમણે મને ટેકો આપ્યો. આ વિજય તેમનો આભાર માનશે." મલેશિયામાં આયોજિત કાર્યક્રમમાં પૂજા હેગડે, પ્રિયામણી, સંગીતકાર અનિરુદ્ધ રવિચંદર, ગીતકાર વિવેક, શોબી માસ્ટર અને શેખર માસ્ટર હાજર હતા. "જાના નાયકન" માં બોબી દેઓલ પણ મુખ્ય ભૂમિકામાં છે. તે ૯ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.

# મુખ્યમંત્રી હિમંત સરમાની ગંભીર ચેતવણીઃ આસામને બાંગ્લાદેશમાં ભેળવી દેવા માટેના પ્રયાસ થઈ શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ રાજ્યની બદલાતી જન સાંખ્યિકીને લઈને એક ગંભીર ચેતવણી આપી છે. ભાજપની રાજ્ય કાર્યકારિણીની બેઠક દરમિયાન મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે, જો રાજ્યમાં બાંગ્લાદેશી મૂળના લોકોની વસ્તી ૫૦ ટકાનો આંકડો પાર કરી જશે તો આસામને બાંગ્લાદેશનો ભાગ બનાવવાના પ્રયાસ શરૂ થઈ શકે છે. તેમણે આ સ્થિતિને આસામની અસ્મિતા અને સંસ્કૃતિ માટે એક મોટો ખતરો ગણાવી.



મુખ્યમંત્રી સરમાએ આંકડાનો હવાલો આપતા કહ્યું કે, હાલમાં બાંગ્લાદેશી મૂળના લોકોની વસ્તી ૪૦ ટકાને પાર કરી ચૂકી છે અને આ સતત વધી રહી છે. આજે આપણે પોતાની આંખોથી આ વાસ્તવિકતાને જોઈ રહ્યા છીએ. જો આ વસ્તી ૫૦ ટકાથી વધુ થઈ જશે, તો આસામના અસ્તિત્વ પર સંકટ આવી જશે.

બાંગ્લાદેશમાં હાલમાં જ થયેલી દીપુ દાસની મોબ લિંચિંગનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ આસામના લોકોને અપીલ કરી. તેમણે કહ્યું કે, જો આજે આવી ઘટનાઓ થઈ રહી છે, તો આસામના લોકો કલ્પના કરી શકે છે કે આગામી ૨૦ વર્ષમાં અહીંની સ્થિતિ શું થશે. પછી જો ભારત અને બાંગ્લાદેશ વચ્ચે યુદ્ધ થશે તો તેઓ કોનો સાથ આપશે?

આગામી વિધાનસભા ચૂંટણીને મુખ્યમંત્રીએ એક માત્ર રાજકીય મુકાબલો નહીં પરંતુ સભ્યતાની લડાઈ ગણાવી. તેમણે કોંગ્રેસ પર દાયકાઓ સુધી તુષ્ટિકરણની રાજનીતિ કરવાનો આરોપ લગાવ્યો, જેના કારણે રાજ્યમાં એક નવી સભ્યતા વિકસિત થઈ ગઈ છે. તેની સંખ્યા હવે લગભગ ૧.૫ કરોડ સુધી પહોંચી ચૂકી છે.

સરમાએ કહ્યું કે, આ લડાઈ ભૂમિ, ઓળખ અને આધારને બચાવવાની છે. પાર્ટી રાજ્યને ઘૂસણખોરોના કારણે પેદા થનારા અંધારામાં જતા બચાવશે. મુખ્યમંત્રીએ વસતી ગણતરીના જૂના આંકડા અને ભવિષ્યના અંદાજને શેર કરતા જણાવ્યું કે, ૨૦૧૧માં મુસ્લિમોની વસ્તી ૩૪ ટકા હતી, જેમાં બાંગ્લાદેશી મૂળના મુસ્લિમ ૩૧ ટકા અને સ્થાનિક મુસ્લિમ માત્ર ૩ ટકા હતા. ૨૦૨૭ સુધી આ સંખ્યા વધીને ૪૦ ટકા થવાનો અંદાજ છે. સ્વદેશી વસતી ઘટીને ૬૦ ટકા થઈ ગઈ અને તેમાં હજુ ઘટાડાની સંભાવના છે.

તેમણે ભાવુક થતા કહ્યું કે, જીવનકાળમાં ઘૂસણખોરોની વસ્તી ૨૧ ટકા થી વધીને ૪૦ ટકા થઈ ગઈ અને તેમના બાળકોના સમય સુધીમાં અસમિયા સમુદાયની વસ્તી ઘટીને માત્ર ૩૦ ટકા રહી શકે છે. મુખ્યમંત્રીએ આસામને શંકર-અઝાન (વૈષ્ણવ સંત શંકર દેવ અને સૂફી સંત અઝાન ફકીર)ની ધરતી ગણાવાતી ધારણાને ફગાવી દીધી. તેમણે સ્પષ્ટ રીતે કહ્યું કે, આસામ માત્ર શંકર-માધવ (શંકરદેવ અને તેમના શિષ્ય માધવ દેવ)ની ભૂમિ છે. આઝાન ફકીર સાથે મહાપુરુષોની સરખામણી કરીને આપણી સાંસ્કૃતિક ઓળખને નબળી કરવાનો પ્રયાસ સહન નહીં કરવામાં આવે. પોતાના સંબોધનના અંતમાં તેમણે અહોમ સેનાપતિ લાચિત બોરફુકનનું સ્મરણ કર્યું, જેમણે બીમાર હોવા છતાં મોગલોને હરાવ્યા હતા. મુખ્યમંત્રીએ સંકલ્પ લેતા કહ્યું કે, વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહના નેતૃત્વમાં આપણે પોતાની ઓળખ અને સંસ્કૃતિને બચાવવા માટે સતત લડીશું અને જીત હાંસલ કરીશું.




